ગાંધીનગર સમાચાર

વોર મેમોરીયલ બનાવવાની અરૂણ જેટલીની ખાતરી

ત્રણેય સેનાના વડા સાથે ઇન્ડિયા ગેટ સંકુલ નજીક પ્રિન્સેસ પાર્ક વિસ્તારની મુલાકાત લઇ સ્થળ નક્કી થશે

નવીદિલ્હી, તા.૨૬

કારગિલ યુદ્ધની ૧૫મી વરસીના પ્રસંગે સંરક્ષણ પ્રધાન અરુણ જેટલીએ આજે કહ્યું હતું કે, સરકાર ટૂંક સમયમાં જ ભવ્ય નેશનલ વોર મેમોરિયલની રચના માટે સ્થળને આખરી ઓપ આપશે. પાકિસ્તાન સાથે ૧૯૯૯ના કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા જવાનોને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ પ્રધાને કહ્યું હતું કે, તેઓ ટૂંક સમયમાં જ આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવા ત્રણેય સેનાના વડા સાથે ઈન્ડિયા ગેટ કોમ્પલેક્ષ નજીક પ્રિન્સેસ પાર્ક વિસ્તારની મુલાકાત લેશે અને આ મુદ્દે નિર્ણય કરવામાં આવશે. વોર મેમોરિયલ માટેની જરૂરિયાત રહેલી છે. દેશ માટે બલિદાન આપનાર તમામ લોકોના નામનો ઉલ્લેખ અહીં કરવામાં આવશે. જેટલીએ કહ્યું હતું કે, અમે માનીએ છીએ કે, પ્રિન્સેસ પાર્ક ખુબ જ વિશાળ વિસ્તાર તરીકે છે અથવા તો અહીં તમામ લોકો સરળતાથી પહોંચી શકે છે. આ સ્થળ શ્રેષ્ઠ સાઈટ તરીકે રહી શકે છે. એક બે દિવસમાં જ ત્રણેય સેનાના વડા સાથે વાતચીત કરીને નિર્ણય લેવામાં આવશે. મેમોરિયલના નિર્માણમાં થોડાક સમય લાગશે કારણ કે અમે વોર મ્યુઝિયમ અને ભવ્ય વોર મેમોરિયલ બનાવવા ઇચ્છુક છીએ. સંરક્ષણ મંત્રીએ કહ્યું હતું કે, વોર મ્યુઝિયમ પ્રિન્સેસ પાર્કની જગ્યાએ બનાવવામાં આવી શકે છે. જેટલીએ કહ્યું હતું કે, સરકારે વોર મેમોરિયલ અને વોર મ્યુઝિયમના નિર્માણ માટે ૧૦૦ કરોડ રૂપિયા નક્કી કર્યા છે. જે કંઈ પણ ફંડની જરૂર હશે તે ઉપલબ્ધ કરાવવામાં આવશે. જ્યારે યુદ્ધવિરામના

વારંવાર ભંગ થઈ રહ્યા છે ત્યારે વિદેશ સચિવ સ્તરની વાતચીતમાં પાકિસ્તાન સાથે વાતચીતનો મતલબ શું છે તે અંગે પુછવામાં આવતા જેટલીએ કહ્યું હતું કે, ભારત જટિલ રીતે પોતાનો પક્ષ રજૂ કરશે. જ્યારે પણ વાતચીત થશે ભારત સંબંધિત મુદ્દાઓને ઉઠાવશે. સશસ્ત્રદળોના આધુનિકીકરણ માટે ફંડની અછત અંગે એક પ્રશ્નના જવાબમાં જેટલીએ કહ્યું હતું કે, ફંડની કોઈ અછત નથી. સેના સંપૂર્ણપણે સાધનોથી સજ્જ અને આધુનિક છે. જ્યારે પણ સશસ્ત્ર દળોને કોઈ ચીજની જરૂર પડે છે ત્યારે સરકાર પ્રાથમિકતાના આધાર પર હાથ ધરે છે. અન્ય ક્ષેત્રોમાં કાપ પણ મુકવામાં આવ્યા છે પરંતુ સશસ્ત્રદળોની જરૂરિયાતોને પૂર્ણ કરવામાં આવી છે. આ વર્ષે પણ સંરક્ષણ ખર્ચમાં અમે વધારો કરી ચુકયા છે. નાણામંત્રી અને સંરક્ષણ મંત્રી અરુણ જેટલીની આજની પ્રતિક્રિયાને ખુબ જ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. કારણ કે, કારગિલ યુદ્ધ વિજય દિવસની આજે દેશભરમાં ઉજવણી કરવામાં આવી રહી છે. આજ દિવસે ભારતે પાકિસ્તાન ઉપર કારગિલ યુદ્ધમાં જીત મેળવી હતી. દેશમાં નેશનલ વોર મેમોરિયલની રચના કરવા માટેની માંગ દિન પ્રતિદિન તીવ્ર બની રહી હતી. કારણ કે, દેશમાં શહીદ જવાનોની વિધવાઓની સંખ્યા ખુબ મોટી હોવા છતાં દેશમાં વોર મેમોરિયલ નથી. તે અંગે લોકો પ્રશ્નો ઉઠાવી રહ્યા હતા. આ બાબતની અરુણ જેટલીએ તરત જ નોંધ લીધી છે અને આજે જ કારગિલ વિજય દિવસના પ્રસંગે ભવ્ય વોર મેમોરિયલના નિર્માણની જાહેરાત કરી હતી. એક બે દિવસમાં જ ભવ્ય વોર મેમોરિયલના નિર્માણ માટે સ્થળ પસંદ કરાશે.

સહારનપુરમાં કોમી હિંસા બાદ કર્ફ્યુ

લખનૌ, તા.૨૬

ઉત્તરપ્રદેશના સહારનપુર જિલ્લામાં આજે કોમવાદી હિંસા ભડકી ઉઠી હતી. મુરાદાબાદ હવે સહારનપુરમાં કોમી હિંસામાં બે લોકોના મોત થતાં સંચારબંધી લાદી દેવામાં આવી છે. સ્થિતિ ભારે વિસ્ફોટક બની હોવાના અહેવાલ મળ્યા છે. સુરક્ષા વ્યવસ્થા પણ મજબૂત કરી દેવામાં આવી છે. બે સમુદાય વચ્ચે જમીન વિવાદને લઈને લડાઈની શરૂઆત થઈ હતી. ત્રણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સંચારબંધી લાગૂ કરી દેવામાં આવી છે. પાંચ પોલીસ જવાન સહિત ૩૦ અન્ય લોકો કોમી હિંસામાં ઘાયલ થયા છે. સહારનપુરના કુતુબશેર વિસ્તારમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી. સહારનપુરના કમિશનર તન્વીર ઝફરઅલીએ કહ્યું છે કે, અથડામણ દરમિયાન પોલીસને ગોળીબારમાં ઈજા થઈ છે. ઘાયલ થયેલા પોલીસ જવાનોને પીજીઆઈ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. શહેરી વિસ્તારોમાં સંચારબંધી લાગૂ કરીને હિંસા ઉપર ઉતરેલા લોકોને દેખો ત્યાંથી ઠાર કરોના આદેશ પણ જારી કરવામાં આવ્યા છે. જિલ્લાના કુતુબશેર પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારમાં અંબાલા રોડ ઉપર જમીનને લઈને બે સમુદાય વચ્ચે ઘણા સમયથી સંઘર્ષની સ્થિતિ હતી. હાઈકોર્ટનો ચુકાદા એક સમુદાયની તરફેણમાં આવ્યા બાદ ગુરૂદ્વારાની નિર્માણ કામગીરીને લઈને બીજા સમુદાયના લોકો પણ પહોંચી ગયા હતા. બોલાચાલી બાદ ટૂંક સમયમાં જ જોરદાર પથ્થરમારો, આગના બનાવ અને ગોળીબાર થયા હતા. અનેક ગાડી અને દુકાનોને તોફાની ટોળાએ આગ ચાંપી દીધી હતી. ફાયર બ્રિગેડની ઓફિસને પણ સળગાવી દેવામાં આવી હતી. સ્કૂલોમાં રજાની પણ જાહેરાત કરવામાં આવી ચુકી છે. બીજી બાજુ ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવે ટોચના અધિકારીઓ સાથે બેઠક યોજી છે અને હિંસાને ડામવા કઠોર પગલા લેવાની સૂચના આપી છે. રાજ્યના મુખ્ય સચિવ આલોક રંજને પોલીસ મહાનિદેશક સહિત વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક યોજી છે. મુખ્ય સચિવ રંજનનું કહેવું છે કે, સહારનપુરના ત્રણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કર્ફ્યુ લાગૂ કરવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થા સાથે ચેડો કરવા કોઈને તક અપાશે નહીં. સહારનપુરમાં હિંસાના અહેવાલ હેરાન કરનાર છે. તંગદિલીને ધ્યાનમાં લઈને જિલ્લા વહીવટીતંત્રએ સહારનપુરમાં સીઆરપીસીની કલમ ૧૪૪ લાગૂ કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાને જાળવી રાખવા અર્ધલશ્કરી દળો, પીએસી અને આરએએફની ટુકડી ગોઠવી દેવામાં આવી છે.

મુરાદાબાદમાં પણ તંગદિલી પ્રવર્તી રહી છે. શનિવારના દિવસે મુરાદાબાદમાં પણ તંગદિલી રહી હતી. મુરાદાબાદના એસએસપી ધર્મવીર યાદવ સામે એફઆઈઆર દાખલ કરવાની માંગ ભાજપ દ્વારા કરવામાં આવી છે. મુરાદાબાદમાં મંદિરમાંથી બળજબરીપૂર્વક લાઉડસ્પીકર ઉતારી લેવાને લઈને વિવાદનો અંત આવે તે પહેલા જ આજે સહારનપુરમાં કોમી હિંસા ભડકી ઉઠી હતી.

ભાજપ, કોંગ્રેસના દેખાવથી મોરાદાબાદ ખાતે તંગદિલી

મોરાદાબાદ, તા.૨૬

મોરાદાબાદ જિલ્લામાં પણ પરિસ્થિતિ તંગ બનેલી છે. કારણ કે ભાજપ અને કોંગ્રેસે પોતપોતાની રીતે દેખાવો કર્યા હતા. બીજી બાજુ ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલા વિરોધ કાર્યક્રમ અંગે પ્રતિક્રિયા આપતા સમાજવાદી પાર્ટીના નેતા રાજેન્દ્ર ચૌધરીએ કહ્યું છે કે, કાયદો હાથમાં લેનાર સામે કઠોર પગલા લેવામાં આવશે. બીજી બાજુ કોંગ્રેસના વરિષ્ઠ નેતા મધુસુદન મિસ્ત્રીએ કહ્યું છે કે, પરિસ્થિતિને કોમવાદી રંગ આપવાના ભાજપે પ્રયાસ કર્યા છે. કોંગ્રેસના શાંતિપૂર્ણ માર્ચને યોગ્ય ઠરાવતા મિસ્ત્રીએ કહ્યું હતું કે, તેમની પાર્ટી સ્થિતિને સામાન્ય બનાવવાના પ્રયાસમાં છે. બીજી બાજુ રાજ્ય ભાજપ એકમના સભ્યો આક્રમક મૂડમાં દેખાઈ રહ્યા છે. મોરાદાબાદમાં પણ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. અનેક નેતાઓની ધરપકડ કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદ પણ લડાયક મૂડમાં છે. વિશ્વ હિન્દુ પરિષદે મંદિરમાં લાઉડ સ્પીકર ફરી મુકવાની માંગણી કરી છે. જિલ્લા મેજિસ્ટ્રેટ દિપક અગ્રવાલે ચોથી ઓગસ્ટ સુધી ઉત્તરપ્રદેશના મોરાદાબાદ જિલ્લાના કાન્ત વિસ્તારમાં કલમ ૧૪૪ લાગૂ કરી છે. ભાજપના સાંસદ સત્યપાલ સૈની, યશવંતસિંહ, રાજેન્દ્ર અગ્રવાલની અટકાયત કરવામાં આવી છે. હાપુરમાં તેમની અટકાયત કરાઈ છે. યુપી પોલીસે મોરાદાબાદ જતાં કોંગ્રેસના નેતાઓને પણ રોકી દીધા છે જેથી નેશનલ હાઈવે-૨૪ પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

ગાઝામાં ઈઝરાયેલ-હમાસ યુદ્ધવિરામ પર અંતે સંમત

ગાઝા, તા.૨૬

ઈઝરાયેલ અને હમાસ આખરે ગાઝામાં ૧૨ કલાકના યુદ્ધવિરામ પર સહમત થઈ ગયા છે. અમેરિકા સહિતના દેશોના દબાણ બાદ અંતે આ નિર્ણય કરવમાં આવ્યો છે. યુદ્ધવિરામની શરતો મુજબ હવે બન્ને પક્ષો આજે સવારથી લઈને ૧૨ કલાક સુધી કોઈ હુમલા કરશે નહી. ઈઝરાયેલ અને હમાસના બળવાખોરો દ્વારા છેલ્લા કેટલાક દિવસથી હુમલા જારી રહ્યા છે. નવેસરના હુમલામાં છ લોકોના મોત થયા હતા. ગાઝામાં સાત દિવસ માટે યુદ્ધવિરામની દરખાસ્તને ફગાવી દીધા બાદ આજે સવારે સેના દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી. અમેરિકાના વિદેશ પ્રધાન જહોન કેરીએ સાત દિવસ માટે યુદ્ધવિરામની જાહેરાત કરવા માટે કહ્યું હતુ. સાથે સાથે વધુ વાતચીત કરવાની અપીલ કરી હતી. જો કે ઈઝરાયેલે આ દરખાસ્તને ફગાવી દીધી હતી. છેલ્લા ૧૮ દિવસથી લડાઈ ચાલી રહી હતી. ઈઝરાયેલ દ્વારા કરવામાં આવી રહેલા હુમલામાં હવે મોતનો આંકડો વધીને ૮૨૦ ઉપર પહોંચી ગયો છે. ઘાયલોની સંખ્યા ખુબ મોટી છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘની સુરક્ષા પરિષદની ચેતવણી છતાં ઈઝરાયેલી વિમાનો અને ટેન્કોએ ગાઝાપટ્ટી પર હુમલા યથાવત રાખ્યા હતા. મિશ્રની દક્ષિણી સરહદ સાથે જોડાયેલ ગાઝાપટ્ટી વિસ્તારમાં ઈઝરાયેલી સેનાએ રોકેટ વડે હુમલા કર્યા છે. આઠમી જુલાઈથી શરૂ થયેલા આ ખુની સંગ્રામમાં મરનાર વ્યક્તિઓમાં મોટાભાગના નિર્દોષ નાગરિકો છે.

જાણકાર લોકોનુ કહેવુ છે કે વર્ષ ૨૦૦૯ બાદથી સૌથી લાંબી કાર્યવાહી ઈઝરાયેલે કરી છે. છેલ્લા ૧૯ દિવસથી ઈઝરાયેલ દ્વારા હવાઈ હુમલા કરવામાં આવી રહ્યા હતા. અમેરિકાએ રક્તપાતનો અંત લાવવા માટે ખાસ પહેલ કરી હતી. યુદ્ધ વિરામને વધારે સમય સુધી અમલમાં રાખવા માટેના પ્રયાસો પણ હાથ ધરવામાં આવ્યા છે.

ઓગસ્ટ મહિનામાં સામાન્ય વરસાદ જ રહેશે : હવામાન

નવી દિલ્હી, તા.૨૬

દેશના ખેડૂતો અને અન્ય લોકોને આનંદ આપે તેવા એક સમાચારમાં હવામાન વિભાગના અધિકારીઓએ આજે કહ્યું હતું કે, જુલાઈમાં દક્ષિણ પશ્ચિમ મોનસુન ગતિ પકડી રહ્યું છે અને ઓગસ્ટ મહિનામાં આ સ્થિતિ યથાવત રહે તેવી શક્યતા છે. ઓગસ્ટમાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. મોનસુનમાં સુધારો થઈ રહ્યો છે. ભૂમિ વિજ્ઞાન મંત્રાલયના સેક્રેટરી શૈલેષ નાયકે માહિતી આપતા કહ્યું છે કે, જુલાઈ મહિનામાં લોંગ રેન્જ ફોરકાસ્ટ (એલપીએ)ના ૯૩ ટકાની આસપાસ વરસાદ થવાની શક્યતા છે જ્યારે ઓગસ્ટ મહિનામાં એલપીએના ૯૬ ટકા સુધી વરસાદની શક્યતા છે. તેમણે કહ્યું હતું કે, મહિનાના આગામી બે ત્રણ દિવસમાં સારો વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગે પહેલાથી જ કહ્યું છે કે, આ વર્ષે ભારતમાં સામાન્ય કરતા ઓછો વરસાદ રહેશે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ એલપીએના ૯૬થી ૧૦૪ ટકાનો મતલબ એ છે કે, સામાન્ય વરસાદ પરંતુ ૯૦-૯૬ ટકાનો મતલબ સામાન્ય મોનસુન વરસાદ કરતા ઓછો વરસાદ હોય છે. જુન મહિનામાં મોનસુની વરસાદનો આંકડો ખુબ ઓછો રહ્યો છે પરંતુ જુલાઈ મહિનામાં તેમાં વધારો થયો છે. નાયકનું કહેવું છે કે, ૧૫મી ઓગસ્ટ સુધી આગામી ત્રણ સપ્તાહ સુધી સારા વરસાદની સ્થિતિ રહેલી છે. ડિપ્રેશનની રચના થઈ રહી છે. જે સારો વરસાદ લાવી શકે છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં ઓછો વરસાદ રહેશે.

ચેતનાનો સમય (પાના નં. ૪ નું ચાલુ)

આજની કારમી મોંઘવારીના યુગની વાત કરતાં ગઝલકાર કહે છે કે -

"મોંઘવારીનું સત્યાનાશ જજે,
બાર સાંધુ ને તેર તુટે છે."

આજે દિવસે વધે નહિં તેટલી રાતે વધે એવી મોંઘવારી વધતી જ જાય છે અને રાજકારણીઓ મોંઘવારીના નામે મતો લૂંટીને સત્તા ઉપર આવે છે પણ મોંઘવારી મીટાવી શકતાં નથી. મોંઘવારીમાં માણસ એક સાંધે ત્યાં તેર તુટે છે ત્યારે જિંદગી જીવવી મુશ્કેલ બની જાય છે.

બીજી એક ગઝલમાં ગઝલકારે માનવીને માનવ બનવાનો સંદેશો આપ્યો છે.

"તું ભલે હિન્દુ કે મુસ્લિમ હોય પણ,
સૌ પ્રથમ માણસ થવાની વાત કર"

જાતિવાદ ઉપર કટાક્ષ કરતાં ગઝલકાર કહે છે કે તું ગમે તે જાતિનો હો. તું હિન્દુ હો કે મુસલમાન હો પણ સહુ પ્રથમ તારી જાતમાં માણસાઇના દિવા સળગાવ. તારામાં માણસાઇ ના હોય તું માણસ છો છતાં માણસ પહેલાં બન. જો તારામાં સારો માણસ પડેલો હશે તારામાં માણસાઇ હશે તો જ તું સાચો હિંદુ કે સાચો મુસલમાન ગણાઇશ નહિંતર હેવાન.

બીજી એક ગઝલમાં કઠોર વાસ્તવિકતા દર્શન થાય છે.

"નાગને તો માત્ર તેના તાળવામાં ઝેર છે,
ચેતજો માણસથી, માણસમાં રગેરગ હોય છે."

આજના માણસને ઓળખવો મુશ્કેલ છે એટલે ગઝલકાર કહે છે કે આજના યુગમાં ચેતીને ચાલવા જેવું છે. સંબંધો બાંધતા પહેલાં લાખવાર વિચારો, ગઝલકાર વ્યમગાં કહે છે કે કેટલાક માણસોની રગેરગમાં ઝેર ભરેલું હોય છે જયારે નાગના માત્ર તાળવામાં ઝેર હોય છે.

કિક ફિલ્મે પ્રથમ દિવસે જ ૨૬ કરોડની કમાણી કરી

મુંબઈ,તા.૨૬

સલમાન ખાન અભિનીત કિકને ફિલ્મ બમ્પર બોક્સ ઓફિસ ઓપનિંગ મળી છે. સાજીદ નડિયાદવાલાની આ ફિલ્મમાં જેકલિન ફર્નાન્ડીઝ મુખ્ય અભિનેત્રી તરીકે લોકપ્રિયતા મેળવી રહી છે. પાવર પેક એક્શન સીનથી ફિલ્મી ચાહકો ખુબ જ પ્રભાવિત થયા છે અને સલમાનની લોકપ્રિયતા વચ્ચે આ ફિલ્મ પ્રથમ દિવસે જ ૨૬ કરોડના આંકડાને પાર કરી ગઈ છે. આ ફિલ્મમાં રણદીપ હૂડા અને નવાઝુદ્દીન સિદ્દીકીની પણ મુખ્ય ભૂમિકા છે. તેની રજૂઆતના દિવસે જ આ ફિલ્મના તમામ શો ૯૦ ટકા સુધી ફુલ રહ્યા હતા. અભિનેત્રી નરગીસે પણ સ્પેશિયલ આઈટમ નંબરમાં જોરદાર પરફોર્મ કરીને ચાહકોને થિયેટર સુધી ખેંચવામાં ભૂમિકા ભજવી છે. જાણકાર લોકોનું કહેવું છે કે, ધૂમ ફિલ્મમાં જે ભૂમિકામાં અભિષેક બચ્ચન વારંવાર થાપ ખાઈ રહ્યો હતો તે ભૂમિકામાં રણદીપ હૂડા કિકમાં જોરદારરીતે સફળ રહ્યો છે. નવાઝુદ્દીન સિદ્દીકી પણ જ્યારે પણ સલમાનની સામે આવે ત્યારે ચાહકોની પ્રશંસા મેળવી હતી. આ ફિલ્મમાં સલમાનના એક ડાયલોગ મે દિલ મેં આતા હું દિમાગ મેં નહીં દ્વારા ભારે લોકપ્રિયતા મેળવી છે. આ બે શબ્દોમાં સલમાને ફિલ્મ અને પોતાની ભૂમિકા અંગે તમામ વાત કરી લીધી છે. આ ફિલ્મમાં શાનદાર લોકેશન, દિલધડક સ્ટંટ, એક્શન સીનની ભરમાર અને આઈટમ નંબરનો મસાલો છે. એકંદરે આ ફિલ્મ બોક્સ ઓફિસ ઉપર સુપરહિટ થવા માટે તમામ કારણો ધરાવે છે. અલબત્ત આ ફિલ્મ સલમાનના ચાહકો માટે ખુબ મોટી ફિલ્મ છે. આશરે ૪૦૦૦ સ્ક્રીનમાં એક સાથે આ ફિલ્મ રજૂ થઈ છે. વિદેશમાં પણ ૭૦૦ સ્ક્રીનમાં આ ફિલ્મ રજૂ કરવામાં આવી છે. ફિલ્મને જે રીતે ક્લાઈમેક્સની સાથે ખતમ કરવામાં આવી છે તેનાથી લાગે છે કે, આવનાર દિવસોમાં યશરાજ બેનરની જેમ સાજિદ પણ કિક સીરીઝની શરૂઆત કરી શકે છે.

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે આજથી ત્રીજી ક્રિકેટ ટેસ્ટ

સાઉથમ્પ્ટન, તા.૨૬

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સાઉથમ્પ્ટન ખાતે આવતીકાલથી ત્રીજી ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. લોર્ડ્સ ખાતે રમાયેલી ટેસ્ટ મેચમાં ભારતે ઐતિહાસિક જીત મેળવ્યા બાદ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓનો નૈતિક જુસ્સો ખૂબ ઉંચો દેખાઈ રહ્યો છે. આ ટેસ્ટ મેચ બન્ને ટીમો માટે ખૂબ મહત્વપૂર્ણ છે.

એકબાજુ ટીમ ઈન્ડિયા આ ટેસ્ટ મેચને જીતીને શ્રેણી જીતવાના પ્રયાસ કરશે. બીજીબાજુ ઘરઆંગણે ઈંગ્લેન્ડની ટીમ આ ટેસ્ટ મેચમાં ભારતને હાર આપીને શ્રેણી સરભર કરવાના અને શ્રેણીને જીવંત રાખવાના પ્રયાસ કરશે. ભારતીય ટીમમાં કેટલાક ફેરફાર કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ભારતીય ટીમમાં રોહિત શર્માને પ્રથમ વખત તક આપવામાં આવે તેવી શક્યતા છે. રોહિત શર્માને હજુ સુધી તક આપવામાં આવી નથી. ભારત છ સ્પેશ્યાલિસ્ટ બેટ્સમેનો અને સાતમા નંબરે ધોની એમ કુલ સાત બેટ્સમેનો સાથે મેદાનમાં ઉતરે તેવી શક્યતા છે. જ્યારે ચાર સ્પેશ્યાલિસ્ટ બોલરો સાથે મેદાનમાં ઉતરવા માટે ધોની ઈચ્છુક છે. જો ભારત નેટ પ્રેક્ટીસ મુજબ મેદાનમાં ઉતરશે તો રોહિત શર્માને તક અપાશે. રોહિત શર્માએ છ ટેસ્ટ મેચોમાં હજુ સુધી બે સદી ફટકારી છે. જોકે, આ શ્રેણીમાં વધારાના ઝડપી બોલરને ઓલરાઉન્ડર તરીકે રમાડવામાં આવ્યો છે. રોહિત શર્મા, ગૌતમ ગંભીર અને આર અશ્વિન તેમની રાહ જોઈ રહ્યા છે.ભારત તરફથી ટીમમાં સ્ટુઅર્ટ બિન્નીને રમાડવામાં આવશે કે કેમ તેને લઈને સસ્પેન્સની સ્થિતિ છે. વિરાટ કોહલી ખૂબ ખરાબ ફોર્મમાં હોવાથી તેને લઈને ટીમ ઈન્ડિયાની છાવણીમાં ચિંતાનું મોજું છે. બીજીબાજુ ઈંગ્લેન્ડના કુકનો દેખાવ ખૂબ જ નબળો રહ્યો છે. તેની પાસેથી સારા દેખાવની અપેક્ષા છે.

તમાકુની ખેતી ડામવા પગલા લેવાઈ રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૬

દેશમાં ગુજરાત, આંધ્રપ્રદેશ, કર્ણાટક તથા ઉત્તરપ્રદેશ તમાકુના મુખ્ય ઉત્પાદક રાજ્યો છે. તમાકુના ઉત્પાદન પર નિયંત્રણ માટે કેન્દ્ર સરકાર અનેક પગલાં લઈ રહી છે તેમ કેન્દ્રના વ્યાપાર અને ઉદ્યોગ રાજ્યમંત્રી નિર્મલા સિતારમણે રાજ્યસભા સાંસદ પરિમલ નથવાણીના તમાકુ ઉત્પાદન અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવ્યું છે.

સાંસદ પરિમલ નથવાણીએ માનવીના આરોગ્ય માટે હાનિકારક તમાકુના ઉત્પાદન અંગે ચિંતા દર્શાવી તેના ઉત્પાદન નિયંત્રણ માટે સરકાર દ્વારા લેવાતા પગલાંઅંગે રાજ્યસભામાં જાણકારી માંગી હતી. સરકાર અનેક ઉપાયો દ્વારા તમાકુના ઉત્પાદનને નિયંત્રિત કરવાનો પ્રયાસ કરી રહી છે.

રિતિકથી સુજૈન ૪૦૦ કરોડ માંગે છે

મુંબઈ,તા.૨૬

સ્ટાર અભિનેતા રિતિક રોશનની સુજૈનથી અલગ થવા માટે ૪૦૦ કરોડ રૂપિયાની ભારે કિંમત ચુકવવી પડી શકે છે. બોલીવુડના સૂત્રોના જણાવ્યા મુજબ સુજૈને રિતિક રોશન પાસેથી ૪૦૦ કરોડ રૂપિયાના ભત્થાની માંગ કરી છે. જો કે, એમ માનવામાં આવે છે કે, આ મામલો કુલ ૩૮૦ કરોડ રૂપિયામાં ઉકેલાઈ શકે છે. આ અગાઉ રિતિક રોશને સુજૈનને મનાવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ સફળતા મળી ન હતી. રિતિક રોશન સુજૈનને આખરે કેટલી રકમ આપે છે તેને લઈને તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે ૧૩મી ડિસેમ્બરના દિવસે રિતિક રોશને મિડિયાને મોકલેલા એક સંદેશામાં આ બાબતની માહિતી આપી હતી કે, સુજૈને તેનાથી અલગ થવા અને તેમના ૧૭ વર્ષના સંબંધોનો અંત લાવવાનો નિર્ણય કર્યો છે. રિતિક અને સુજૈને ચાર

વર્ષ સુધી પ્રેમ પ્રકરણમાં રહ્યા બાદ ૨૦મી ડિસેમ્બર ૨૦૦૦માં લગ્ન કરી લીધા હતા. તેમના બે પુત્રો રિદ્દાન અને રેહાન છે. છેલ્લા ઘણા સમયથી તેમની વચ્ચે મતભેદો અને ખેંચતાણના અહેવાલ આવી રહ્યા હતા. આ અહેવાલો વચ્ચે આખરે બોલીવુડની આ લોકપ્રિય જોડીએ ગયા વર્ષે ડિસેમ્બરમાં અલગ થઈ જવાનો નિર્ણય કર્યો હતો. રિતિક રોશન બોલીવુડમાં હજુ પણ સૌથી લોકપ્રિય અભિનેતાઓ પૈકીના એક તરીકે છે અને તેની છેલ્લી ફિલ્મ ક્રિશ-૩ બોક્સ ઓફિસ ઉપર રેકોર્ડ સફળતા મેળવી ગઈ હતી. હવે તેની કેટરીના કેફ સાથે આવનારી ફિલ્મ બેંગબેંગને લઈને પણ ખુબ જ ઉત્સુકતા છે. આ ફિલ્મ પણ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. રિતિક રોશન અને સુજૈન વચ્ચેના સંબંધોનો અંત આવ્યા બાદ બોલીવુડમાં અને રિતિકના ચાહકોમાં ભારે ચર્ચા રહી હતી.

સમાચાર ઝલક

- કારગીલ યુદ્ધને ૧૫ વર્ષ પુરા થયા. શહીદોને દેશભરમાં શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી.
- સુરતમાં ટેક્ષટાઈલ મિલમાં આગથી કરોડોનું નુકશાન તમામ વસ્તુઓ ભસ્મીભૂત.
- શ્રી નરેન્દ્રભાઈ મોદીની વડપણ હેઠળની સરકારને ૬૦ દિવસ પૂર્ણ.
- કાશ્મીર સરહદે પાકિસ્તાનનો સરહદ ભંગ કરતો ગોળીબાર. આ સમયે આતંકીઓને ઘુસાડવાનું ષડયંત્ર.
- રાજકોટની પડઘરી સ્કુલના આચાર્ય બે કિશોરીઓને ભગાડી ગયા હતા. જેને બે વર્ષ પછી પકડી શકાયા.
- અમદાવાદ વિમાની મથકે વિમાની દુર્ઘટના થતા બચી. વિમાનના ટાયર ફાટયા.
- વિશ્વામિત્રીમાં ઘોડાપુર આવતા આજવા સરોવરનાં ૬૪ દરવાજા ખોલી કાઢયા.
- અમદાવાદમાં પત્નીના શબને બુરખામાં ઢાંકી લઈ જતો પતિ ઝડપાયો.
- સગીર બાળકોના કાયદામાં સુધારો કરવાનો મુસદ્દો તૈયાર.
- ગુગલની ભારે ભુલ થઈ ગઈ. ભારતના રાષ્ટ્રપતિનું નામ બીજું બતાવાયું.
- યુપીએસસી પરીક્ષાના સી.એટ.ના વિરોધમાં વિદ્યાર્થીઓનું આંદોલન ચાલુ.
- મધ્યપ્રદેશ વીજળી બોર્ડના ઉચ્ચ અધિકારીને ત્યાંથી બેનામી સંપત્તિ ઝડપાઈ.
- વડોદરામાં ત્રણ માળનું મકાન ધરાશાયી થયું.
- મારૂતિ કંપની હવે સ્કુટર બનાવશે.
- કોમનવેલ્થ રમતમાં ૧૦ મેડલો જીતી ધમાકેદાર ભારતનો પ્રારંભ.
- ઉપરવાસમાં વરસાદ થતાં નર્મદા બંધ, ઉકાઈ બંધમાં વધતી સપાટી.